ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમય-૧૯૭૪ ના વિનિમય ક્રમાંક:૨૦ (૩) ના અનુસંધાનમાં માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવતા વિષયોની ભરતી માટેના વધારાના વિષયો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧-૧૨-૨૦૧૭

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તા.૦૬.૧૦.૨૦૧૭

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તા.૧૭.૧૦.૨૦૧૭

(૩) શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૮.૧૧.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક બમશ /૧૨૧૭/૧૨૩૭/છ

(૪) સરકારશ્રી દ્વારા રચાયેલ ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિની તા.૨૦.૧૧.૨૦૧૭ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**આમુખ :-**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ -૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૨૦(૩) ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવતા વિષયની ભરતી સંબંધે પરિશિષ્ટ (૧) અને (૨) મુજબ વિષય અને લાયકાત નક્કી કરવામાં આવેલ હતા. દરમ્યાનમાં, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તેના તા.૧૨/૧૦/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક-રાપબો/TAT(S)/૨૦૧૭/૬૮૭૩-૬૯૧૭ અન્વયે ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક અને સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણુંક મેળવવા માટે TAT ની પરીક્ષા માટેના ફોર્મ ભરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે અન્વયે બી.ઈ અથવા બી.ફાર્મ સહીત કેટલાક અન્ય વિષયો સાથે સ્નાતક થયેલા ઉમેદવારો ફોર્મ ના ભરી શકતા નામદાર હાઈકોર્ટમાં જુદી જુદી પીટીશન્સ દાખલ કરવામાં આવેલ છે. જુદી જુદી પીટીશન્સમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક-(૩)પરના ઠરાવથી ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. સમિતિએ તેની તા.૨૦.૧૧.૨૦૧૭ ની બેઠકમાં સમિતિના એજન્ડા નંબર -૧ સંદર્ભે ચર્ચા-વિચારણા કરી, વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી નક્કી થયેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે અનુક્રમે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના નીચે મુજબના વિષયો દાખલ કરવા બાબતે વિસ્તારપુર્વક વિચારણા કરેલ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

**ઠરાવ :-**

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૨૦(૩)ના અનુસંધાનમાં, હાલના વિષયો ઉપરાંત, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે અનુક્રમે સ્નાતક/ અનુસ્નાતક કક્ષાના નીચેના વિષયો દાખલ કરવામાં આવે છે -

**માધ્યમિક :-**

- B.Sc –Electronics
  - -Bio Technology
  - -Bio Chemistry
  - -Geology
  - -Industrial Chemistry

- Computer Subject-B.Sc(Computer)/B.Sc(Computer Science)

<u>ઉચ્ચત્તર માધ્યમિક-</u>

- M.Sc- Industrial Chemistry
  - -Organic Chemistry
  - -InOrganic Chemistry
  - -Physical Chemistry
  - -Bio Chemistry
  - -Bio Technology
  - -Bio Science
  - -Marine Science
  - -Animal Science
  - -Plant Biology
- Computer Subject-M.Sc(Computer)/M.Sc(Computer Science)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાક મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (સબંધિતોને પરીપત્રીત કરવા વિનંતી સહ)
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારી/ગ, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ.
- કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ